# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશમાં અલ્લુરી સીતારામ રાજૂ વિમાન મથકનું ઉદ્ઘાટન કર્યું.**
2. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જાહેર પરીક્ષાઓ સુધારા વિધેયક 2026ને મંજૂરી આપી.**
3. **ઓરિસ્સામાં પૂરની સ્થિતી ગંભીર.. ગુજરાતમાં પણ ભારે વરસાદ.**
4. **પ્રધાનમંત્રીએ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં નીરજ ચોપરાને રજત ચંદ્રક અને યશ વીર સિંહને કાંસ્ય ચંદ્રક જીતવા બદલ અભિનંદન પાઠવ્યા.**
5. **19 કિલોગ્રામના કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં ઘટાડો.**
6. **જુલાઇ મહિનામાં GST કલેક્શન નોંધપાત્ર રીતે વધીને બે લાખ 11 હજાર 205 કરોડ રુપિયા થયું. જુલાઇ 2025ની સરખામણીમાં 15 ટકાનો વધારો.**

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM- ANDHRA PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આંધ્રપ્રદેશના વિજયનગરમ જિલ્લાના ભોગાપુરમ ખાતે ગ્રીનફિલ્ડ અલ્લુરી સીતારામરાજુ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીનું સ્વાગત આંધ્રપ્રદેશના રાજ્યપાલ એસ. અબ્દુલ નઝીર , મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ અને અન્ય મહાનુભાવોએ કર્યું. શ્રી મોદીએ પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું અને ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિરીક્ષણ કર્યું. તેમણે એરપોર્ટની અત્યાધુનિક મુસાફરો સુવિધાઓની પણ સમીક્ષા કરી , અને અધિકારીઓએ તેમને તેની ડિઝાઇન, અદ્યતન ટેકનોલોજી , અને ઉડ્ડયન કેન્દ્ર તરીકે ભવિષ્યના વિસ્તરણ વિશે માહિતી આપી.

પ્રધાનમંત્રીએ 13 હજાર 500 થી વધુ આદિવાસી મહિલાઓ દ્વારા રજૂ કરાયેલ પરંપરાગત થિમ્સા નૃત્ય પણ નિહા ળ્યું, ત્યારબાદ તેઓ જાહેર સભા સ્થળ તરફ ગયા , જ્યાં તેઓ અનેક મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે , અને સભાને સંબોધિત કર્યું.

# PM KARNATAKA

આંધ્રપ્રદેશ બાદ આજે પ્રધાનમંત્રી કર્ણાટકના મૈસુરુ ખાતે સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક યુવા કેન્દ્ર - વિવેકા સ્મારકનું ઉદ્ઘાટન કરશે. આ સ્મારક 1892માં ભારતના મહાન આધ્યાત્મિક નેતાઓમાંના એક સ્વામી વિવેકાનંદની મૈસુરુની ઐતિહાસિક મુલાકાતની યાદમાં ઉજવવામાં આવે છે , જ્યારે તેઓ મૈસુરના દિવાન સર કે શેષાદ્રિ ઐયરને મળ્યા હતા અને શિકાગોમાં ધર્મ સંસદમાં ભાગ લેવા માટે અમેરિકાની યાત્રા માટે મહારાજા શ્રી ચામરાજેન્દ્ર વાડિયાર પાસેથી નાણાકીય સહાય મેળવી હતી.

# PREZ ASSENT- PUBLIC EXAM BILL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જાહેર પરીક્ષાઓ સુધારા વિધેયક , 2026ને મંજૂરી આપી છે. આ વિધેયક ગુરુવારે સંસદમાં પસાર થયું હતું. જેનો ઉદ્દેશ્ય કડક દંડની જોગવાઈ અને ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરીને જાહેર પરીક્ષાઓમાં અન્યાયી પ્રથાઓને રોકવાનો છે. આ વિધેયક દ્વારા વિદ્યાર્થીઓના ભવિષ્યના રક્ષણ માટે એક મજબૂત કાયદાકીય માળખા હેઠળ પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા , ન્યાય અને અખંડિતતાને મજબૂત બનાવવાનો પ્રયાસ કરાયો છે.

આ કાયદામાં ઘણી મહત્વપૂર્ણ જોગવાઈઓ છે , જેમાં 10 વર્ષ સુધીની કેદ , 10 કરોડ રૂપિયા સુધીનો દંડ અને દોષિત ગુનેગારોની મિલકત જપ્ત કરવા જેવી સખત સજાનો સમાવેશ થાય છે.

આ કાયદામાં પોલીસ દ્વારા માહિતી દાખલ કર્યાની તારીખથી બે મહિનાની અંદર ગુનાઓની તપાસ પૂર્ણ કરવામાં આવે , જ્યારે ચાર્જશીટ દાખલ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર ટ્રાયલ પૂર્ણ કરવામાં આવે તેવી જોગવાઈ છે.

# GUJARAT RAIN

ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. રાજ્યના દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતી સર્જાયા બાદ આજે હવામાન વિભાગે મધ્ય ગુજરાતના અમદાવાદ, આણંદ સહિતના છ જીલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના અગિયાર જીલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

આજે સવારે છ વાગ્યાથી બપોરના 12 વાગ્યા સુધીમાં 149 તાલુકાઓમાં વરસાદ વરસી ચૂક્યો છે , જ્યારે અત્યાર સુધીમાં રાજ્યમાં 62 હજાર કરતાં વધુ લોકોનું સ્થાળાંતર અને નવ હજાર કરતાં વધુ લોકોનું રેસ્ક્યુ કરાયું છે. આર્મીની છ , NDRFની 17 અને SDRFની ટુકડીઓ બચાવ અને રાહત કામગીરી કરી રહી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ 64 ટકા કરતાં વધુ વરસાદ પડી ચૂક્યો છે.

# ODISHA FLOOD

ઓડિશામાં પૂરની સ્થિતિ ગંભીર છે. રાજ્યમાં અનેક નદીઓ છલકાઈ રહી છે અને સેંકડો ગામડાઓ ડૂબી ગયા છે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝી આજે ભદ્રક , બાલાસોર, જાજપુર અને કેઓંઝર સહિત પૂરગ્રસ્ત જિલ્લાઓનું હવાઈ સર્વેક્ષણ કરશે. તેઓ વરિષ્ઠ અધિકારીઓ સાથે રાહત, બચાવ અને પુનર્વસન પ્રયાસોની પણ સમીક્ષા કરશે.

હીરાકુડ જળાશયમાં પાણીનું સ્તર 625 ફૂટથી વધુ વધવાથી 22 દરવાજા ખોલવામાં આવ્યા છે. બૈતરણી , દેવી અને ભાર્ગવી નદીઓમાં પાણીનું સ્તર ધીમે ધીમે ઘટી રહ્યું છે, જ્યારે સાલંદી અને કુશભદ્ર નદીઓમાં પાણીનું સ્તર વધી રહ્યું છે.

# KERALAM RAIN

કેરળમાં ભારે વરસાદ સતત ચાલુ છે. રાજ્યના 14 માંથી આઠ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્રણ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને બાકીના ત્રણ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ગઈકાલ સાંજથી સતત વરસાદને કારણે રાજ્યમાં વ્યાપક પાણી ભરાઈ ગયા છે અને નવ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ છે. પલક્કડમાં મંગલમ ડેમ અને તિરુવનંતપુરમમાં નેય્યર અને અરુવિક્કારા ડેમના દરવાજા ખોલવામાં આવ્યા છે.

રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારી પર બે દિવસ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# IMD- WEATHER

હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાન , મધ્ય મહારાષ્ટ્ર, દરિયાકાંઠાના કર્ણાટક, દક્ષિણ આંતરિક કર્ણાટક, કોંકણ, ગોવા, કેરળ અને માહેમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પશ્ચિમ રાજસ્થાન, બિહાર, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ અને ઉત્તર પૂર્વના કેટલાક વિસ્તારોમાં પણ  ભારે વરસાદની શક્યતા છે.

દરમિયાન ગુજરાત, છત્તીસગઢ, વિદર્ભ, આસામ અને ત્રિપુરામાં વીજળી સાથે ભારે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM-MENS JAVELIN THROW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં નીરજ ચોપરાને રજત ચંદ્રક જીતવા બદલ અને યશ વીર સિંહને મેન્સ જેવલિન થ્રોમાં કાંસ્ય ચંદ્રક જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , પ્રધાનમંત્રીએ ફરી એકવાર નોંધપાત્ર સુસંગતતા , સંયમ અને રમતગમતની ભાવના દર્શાવવા બદલ નીરજ ચોપરાની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમની સિદ્ધિઓ દરેક ભારતીયને ગર્વ કરાવે છે. યશ વીર સિંહને અભિનંદન આપતા શ્રી મોદીએ કહ્યું કે, યુવા ખેલાડીએ પ્રભાવશાળી થ્રો કર્યો, જે તેમના ઉત્સાહ અને સમર્પણને પ્રતિબિંબિત કરે છે.

# INDIA BENIN MEA

વિદેશ મંત્રાલયમાં આર્થિક સંબંધોના સચિવ સુધાકર દાલેલાએ બેનિન પ્રજાસત્તાકના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે , શ્રી દાલેલાએ ભારત અને બેનિન વચ્ચે મજબૂત સંબંધો બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# TELANGANA - SIR

ચૂંટણી પંચે તેલંગાણામાં મતદાર યાદીના ખાસ સઘન સુધારા માટેના સમયપત્રકમાં સુધારો કર્યો છે. બૂથ-સ્તરના અધિકારીઓ 10 ઓગસ્ટ સુધી ઘરે ઘરે જઈને ચકાસણી કરશે. મતદાન મથકોનું પુનર્ગઠન અને પુનઃ વ્યવસ્થાપન પણ આ તારીખ સુધીમાં પૂર્ણ થશે.

ચૂંટણી પંચે જણાવ્યું કે, મતદાર યાદીનો ડ્રાફ્ટ હવે 17 ઓગસ્ટના રોજ પ્રકાશિત કરવામાં આવશે. દાવાઓ અને વાંધા દાખલ કરવાનો સમયગાળો 17 ઓગસ્ટથી 16 સપ્ટેમ્બર સુધીનો રહેશે , જેનો નિકાલ 15 ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થશે. અંતિમ મતદાર યાદી 19 ઓક્ટોબરના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

# COMMERCIAL LPG-PRICE REDUCED

ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ આજે 19 કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે. ભાવ ઘટાડા પછી , દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનો નવો ભાવ બે હજાર 738 રૂપિયા થશે. કોલકાતામાં 19 કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનો ભાવ બે હજાર આઠસો બાવન પૈસા , મુંબઈમાં બે હજાર 651 રૂપિયા પચાસ પૈસા અને ચેન્નાઈમાં બે હજાર 906 રૂપિયા છે.

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડના જણાવ્યા અનુસાર , કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના નવા ભાવ આજથી અમલમાં આવ્યા છે. આ નિર્ણય રેસ્ટોરાં , ઢાબા, હોટલ અને ખાદ્ય અને પીણાના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને રાહત આપશે.

# J&K-TERROR ATTACK

જમ્મુ અને કાશ્મીરમાં , કુલગામ જિલ્લાના કેલમ વિસ્તારમાં થયેલા આતંકવાદી હુમલામાં ઘાયલ થયેલા બીજા મજૂરનું આજે સવારે મોત થયું છે , જેનાથી મૃત્યુઆંક બે થયો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે , શ્રીનગરની એક હોસ્પિટલમાં સારવાર દરમિયાન ઘાયલ મજૂરનું મોત થયું હતું. ઈંટના ભઠ્ઠામાં કામ કરતા બે મજૂરો પર ગઈકાલે સાંજે અજાણ્યા આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. ઘટના બાદ તરત જ, વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો અને આતંકવાદીઓને શોધવા માટે મોટા પાયે શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ મૃતકોના નજીકના સંબંધીઓને મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી 10 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે , ઉપરાંત કુલગામ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા 6 લાખ રૂપિયાની તાત્કાલિક સહાય પૂરી પાડવામાં આવશે.

# GST-COLLECTION JULY

ગયા મહિનામાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ( GST) કલેક્શનમાં નોંધપાત્ર વધારો થયો હતો અને તે બે લાખ 11 હજાર 205 કરોડ રૂપિયા થયું હતું , જે જુલાઈ 2025માં એક લાખ 83 હજાર 65 કરોડ રૂપિયા હતું, તેનાથી 15.4 ટકાનો વધારો દર્શાવે છે.

નાણા મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા હંગામી ડેટા અનુસાર , કુલ સ્થાનિક GST આવક એક લાખ 44 હજાર 695 કરોડ રૂપિયા રહી છે , જે એક વર્ષ પહેલા કરતા 10.1 ટકા વધુ છે. આયાતમાંથી GST કલેક્શન 28.8 ટકા વધ્યું છે.

# JAPAN –EARTHQUAKE

આજે ઉત્તર જાપાનમાં આઓમોરી પ્રાંત નજીક 5.8ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. જાપાન હવામાન એજન્સીએ અહેવાલ આપ્યો કે , ભૂકંપ 80 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. જોકે, સુનામીનો કોઈ ભય નથી.

મંગળવારે કુમામોટો પ્રાંતમાં આવેલા શક્તિશાળી ભૂકંપ બાદ આ ભૂકંપ આવ્યો હતો. તે ભૂકંપની મહત્તમ તીવ્રતા 7 હતી.તે ભૂકંપથી સમગ્ર પ્રાંતમાં વ્યાપક વિનાશ થયો છે તેનો મૃત્યુઆંક વધીને 35 થઈ ગયો છે.